# હિંમતનગરમાં સલમાનખાન અને શિલ્પા શેટ્ટીનું પુતળા દહન કરાયું

વાલ્મિકી સમાજના વિરુદ્ધ સલમાનખાને અભદ્ર ટિપ્પણી કરતા સમાજના કાર્યકર્તાઓ દ્વારા ગુરુવારે સલમાનખાન અને શિલ્પા શેટ્ટીનું પૂતળાનું દહન કરી રેલી સ્વરૂપે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.



સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આજે સિવિલ સર્કલ પાસે જીલ્લા વાલ્મીકી સમાજ દ્વારા સલમાનખાન દ્વારા વાલ્મીકી સમાજ પર કરાયેલ અભદ્ર ટિપ્પણીને લઈને સલમાનખાન અને શિલ્પા શેટ્ટીના પૂતળાનું દહન કરી વિરોધ દર્શાવ્યો હતો.ત્યારબાદ વાલ્મીકી સમાજના કાર્યકર્તાઓ સૂત્રોચ્ચાર કરતા રેલી સ્વરૂપે બહુમાળી ભવન પહોંચ્યા અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. વાલ્મીકી સમાજ પર કરાયેલી ટિપ્પણીને લઈને સમાજ પણ વીફર્યો હતો અને જણાવ્યું હતું કે સલમાન ખાન પાસે અમે માફી નહિ પરંતુ હવે તેના સામે એક્ટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધવાની માગણી પણ કરી હતી જો તેમની માગણી નહીં સંતોષાય તો આગામી દિવસમાં ગુજરાતભર અને ભારતભરમાં આંદોલન વધુ વેગ પકડશે તો બીજી તરફ એવી પણ વાત કરી હતી કે સ્વચ્છતાના પ્રણેતા ગાંધીજી સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ જોડાયેલા છે અને સ્વચ્છતા સાથે વાલ્મીકી સમાજ પણ જોડાયેલો છે.વાલ્મીકી સમાજનું અપમાન છે સાથે ગાંધીજી અને નરેન્દ્ર મોદીનું અપમાન છે તેવું પણ જણાવ્યું હતું.સાબરકાંઠા-અરવલ્લી વાલ્મીકી સમાજના પ્રમુખ આર.કે.વાઘેલાએ જણાવ્યું હતું કે સલમાનખાને તેના પિક્ચર ના પ્રોમોમાં વાલ્મીકી સમાજનું અપમાન કર્યું હતું તેનો માનવ જ નથી તેનો ઈતિહાસ પણ જોવો જોઈએ વાલ્મીકી સમાજે કોઈનું ખૂન નથી કર્યું પ્રાણીનું પણ ખૂન નથી કર્યું અને સમગ્ર સમાજને કહું છુ કે ટીપ્પણીનો વિરોધ કરવો જોઈએ અને હવે માફી નહિ પણ તેની સામે એક્ટોસીટી એક્ટ મુજબ ગુનો દાખલ કરવો જોઈએ અને જો માંગણી નહિ સંતોષાય તો અગામી દિવસમાં રાજ્યમાં અને દેશમાં પણ આંદોલન કરાશે તેવી ચીમકી પણ આપી હતી.આ વિરોધમાં લાલજી ભગત,દલિત સેનાના પ્રમુખ કરસનભાઈ મકવાણા સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.



શોષણ : મહેસાણા ઓએનજીસીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને પગારમાં વિસંગતતાના કારણે આર્થિક શોષણ થતા હોવાની રાવ ઉઠવા પામી છે. ગત બુધવારે મહેસાણાના સિક્યુરિટી એમ્પલોઈઝ એસોશિએશન દ્વારા ઓએનજીસી મુખ્ય કાર્યાલય બહાર રેલી યોજી ઉચ્ચ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સિક્યુરિટી કર્મચારીઓને છેલ્લા ત્રણ વર્ષથી પગાર સહિત વિવિધ મળવાપાત્ર લાભોમાં કરવામાં આવેલ અન્યાયનો ઉકેલ લાવવા માંગણી કરાઈ હતી.

## પ્રાંતિજ ખાતે બાર એસો.ની વાર્ષિક બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સિવિલ એન્ડ ક્રીમીનલ બાર એસોસીએશન ની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. જેમાં એસો.ના નવા પ્રમુખ સહિત હોદ્દેદારોની સર્વાણુમત્તે નિમણુંક કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે પટેલ દશરથભાઈ જીવાભાઈ, ઉપપ્રમુખ રાઠોડ ફતેસિંહ નાથુસિંહ, સેક્રેટરી ચોહાણ નરેશ કુમાર ભીખાભાઈ, જો.સેક્રેટરી પઠાણ અશરફખાન નજામીયાં, ખજાનચી રાવલ ઝંખના કુમારી બચુભાઈ, લાયબ્રેરી સેક્રેટરી પંડયા સુરેન્દ્ર કુમાર દયારામની ચાલુ સાલ માટે સર્વાણુમત્તે નિમણુંક કરવામાં આવતાં વકીલોમા ખુશીનો માહોલ જોવા મલ્યો હતો.

## મોડાસામાં ગ્રાહક સુરક્ષા સેમિનારનું યાજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની શ્રી એચ.એસ.શાહ કોલેજ ઓફ કોમર્સમાં ગ્રાહક સુરક્ષા સેમિનારનું જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું સેમિનારનો મુખ્ય હેતુ કોલેજમાં અભ્યાસ કરતા યુવા વર્ગના વિદ્યાર્થી દ્વારા ગ્રાહક જાગૃત સપ્તાહ ઉજવવામાં આવશે.

# કોંગ્રેસને વિપક્ષના નેતા પસંદ કરવાની ઉતાવળ નથી, ઉત્તરાયણ બાદ નિર્ણય

ગાંધીનગર,તા.૨૮

છેલ્લી તેરમી વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસના નેતાનો હોદ્દો સંભાળતા શંકરસિંહ વાઘેલાએ રાજયસભાની ચૂંટણીના સમયગાળામાં રમાયેલા આંટીઘૂંટીવાળાં રાજકારણ હેઠળ કોંગ્રેસને રામ રામ કરીને નવા 'જન વિકલ્પ' પક્ષનું ગઠન કર્યું હતું. તે વખતે તેમના સ્થાને તાત્કાલિક ધોરણે મોહનસિંહ રાઠવાની વિપક્ષના નેતાપદે નિમણૂંક કરાઈ હતી.

પરંતુ છેલ્લી વિધાનસભામાં માત્ર ૪૩ ધારાસભ્ય સાથે વિરોધ પક્ષ તરીકે નબળી પુરવાર થયેલ કોંગ્રેસ આગામી વિધાનસભામાં ૮૦ બેઠક સાથે મજબૂત વિપક્ષ બની છે. આ સંજોગોમાં લોકોની આશા-અપેક્ષામાં પણ વધારો થયો હોઈ કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા વિપક્ષના નેતાની પસંદગી ભારે ચીવટભરી રીતે ઉત્તરાયણ પછી હાથ ધરાશે તેવી ચર્ચા ઊઠી છે.

તાજેતરમાં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ભલે ગાંધીનગરમાં સત્તામાં પરિવર્તન ન લાવી શકી પરંતુ સમગ્ર રાજ્યભરમાં પક્ષનું પ્રદર્શન સુધરતાં ભાજપને સતત છઠ્ઠી વખત વિજય મેળવતા હાંફી જવું પડ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ચૂંટણીના છ મહિના અગાઉથી ગુજરાત પર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. કેન્દ્રીય નિરીક્ષકોને પ્રત્યેક વિધાનસભા બેઠકની જવાબદારી સોંપાઈ હતી. સ્વયં રાહુલ ગાંધીએ ગુજરાતભરમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કર્યો હતો.

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસને પ્રશંસનીય સફળતા મળ્યા બાદ હવે દિલ્હી હાઈકમાન્ડે વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કવાયત આરંભી છે. વિધાનસભામાં કોંગ્રેસ અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવીને પ્રજાના પ્રશ્નોની ગૃહમાં મજબુતાઈથી રજુઆત કરીને શાસકોને ભીંસમાં મૂકી શકે તેવા પ્રભાવશાલી યુવા નેતાની હાઈકમાન્ડને તલાશ છે. ખુદ રાહુલ ગાંધી આ ઉચ્ચ હોદ્દાની નિમણૂંકમાં અંગત રસ લઈ રહ્યા હોઈ આ મામલે ઉતાવળ કરાતી નથી.

નવી ચૌદમી વિધાનસભાનું બજેટ સત્ર આગામી ફેબ્રુઆરી મહિનાથી આરંભાશે. એટલે કોંગ્રેસ હાઈકમાન્ડ તા.૧૪મી જાન્યુઆરીએ કમુરતાં ઊતર્યા બાદ જ વિપક્ષના નેતાની પસંદગીમાં ગંભીર બનશે. કમુરતાં ઊતર્યા બાદ કેન્દ્રીય નિરીક્ષકોની ટીમ ગુજરાત આવનાર હોઈ તે સમયે ધારાસભ્યો તેમજ પ્રદેશના ટોચના નેતાઓ સાથે બેઠક કરીને વિધાનસભામાં વિપક્ષના નેતાનો તાજ કોને પહેરાવવો તે અંગે નિર્ણય કરાશે તેમ સૂત્રો જણાવે છે.



અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારમાં ગતરાત્રે દારૂબંધીના કડક અમલ માટે પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યા બાદ આજે વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ અમદાવાદના પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી ૨૪ કલાકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. ત્યારબાદ જીજ્ઞેશ મેવાણીએ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દર વર્ષે ગેરકાયેદસર ૨૫ હજાર કરોડનો દારૂ વેચાય છે અને આ પૈસા કોની પાસે જાય છે ? નરેન્દ્ર મોદી, અમિત શાહ, વિજય રૂપાણી ? મેવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, જો આગામી ૨૪ કલાકમાં દારૂબંધીનો ગોમતીપુર, વાડજ સહિતના વિસ્તારોમાં કડક અમલ નહીં કરાય તો શહેરના અન્ય પોલીસ સ્ટેશનોનો પણ ઘેરાવ કરવામાં આવશે.



## આધાર કાર્ડ સેન્ટર માટે પોલીસ બંદોબસ્ત..!!

મહેસાણા મામલતદાર કચેરીમાં કાર્યરત આધાર કાર્ડ સેન્ટરમાં અરજદારોના ઘસારાને જોઈને મામલતદારે પોલીસ બંદોબસ્તની માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાય દિવસોથી આધાર કાર્ડ મેળવવા તેમજ સુધારા-વધારા કરાવવા બાળક, વૃધ્ધ, મહિલા, વિકલાંગ સહિત મોટી સંખ્યામાં અરજદારોનો સવારથી જ ઘસારો રહે છે. વહિવટી તંત્ર તરફથી પુરતી કિટ, સ્ટાફ તેમજ વ્યવસ્થાના અભાવે દરરોજ આધાર કાર્ડ સંબંધી કામ અર્થે આવતા અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોંકાવનારી બાબત તો એ છે કે, મહેસાણા મામલતદારે યોગ્ય વ્યવસ્થા કરવાની જગ્યાએ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કારણ દર્શાવી પોલીસ અધિકારી પાસે બંદોબસ્ત માટે બે પોલીસ કર્મીઓની લેખીતમાં માંગણી કરી છે.

# હિંમતનગરના રહીશની ૮.૩૦ લાખની ગાડી ખરીદી વિશ્વાસઘાત કરતા એક વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રહેતા એક શખ્સ પાસેથી એક વર્ષ અગાઉ પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામના એક શખ્સે રૂા. ૮.૩૦ લાખની ગાડી ખરીદીને નાણાં નહિ ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા વાઘરોટાના આ શખ્સ વિરુદ્ધ બુધવારે હિંમતનગર એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે મોતીપુરા વિસ્તારમાં રહેતા મદનસિંહ ગેનાજી ભાટે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામના વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલે ગાડી નં. જીજે.૯.બીડી.૯૭૭ની રૂા. ૮.૩૦ લાખની કિંમત કરી વેચાણ લીધી હતી. અને મદનસિંહ ભાટ પાસેથી આરસી બુકની નકલ તથા ટ્રાન્સફર ફોર્મમાં મદનસિંહની સહી પણ કરાવી દીધી હતી. વેચાણ કરાર કરી વિનોદભાઈ પટેલે મદનસિંહ ભાટને વિશ્વાસમાં લઈ તેમની ગાડી રાજસ્થાન જવા એક અઠવાડિયા માટે લઈ ગયા હતા. અને સમય વીતી ગયો હોવા છતાં વિનોદભાઈ પટેલે મદનસિંહ ભાટને રૂા. ૮.૩૦ લાખ ન ચૂકવીને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. જેથી આખરે મદનસિંહે ભાટ બુધવારે વાઘરોટાના વિનોદભાઈ પટેલ વિરુદ્ધ હિંમતનગર એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પ્રજાપતિ સમાજ દ્વારા ખોટી ફરિયાદ મામલે કલેકટર - એસ.પી.ને આવેદનપત્ર સુપરત

પાલનપુર, તા.૨૮

પાલનપુર ખાતે પ્રજાપતિ સમાજ દ્વારા સમાજના યુવક ઉપર ખોટી ફરીયાદ થઈ હોવાના તથા પ્રજાપતિ સમાજ ના ચાર જણના અપહરણ ની ફરીયાદ સામે પોલીસ તપાસ કરતી ન હોવાની રજૂઆત સાથે પ્રજાપતિ સમાજ ના આગેવાનો એ જીલ્લા પોલીસ વડા તથા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ. પાલનપુર તાલુકાના ગામમાંથી એક પ્રજાપતિ યુવક ઠાકોર સમાજની યુવતી ને ભગાડી ગયો હતો અને બન્ને એ પોતાની મરજીથી પ્રેમ લગ્ન કર્યા હતા. જેબાદ પ્રજાપતિ સમાજ ના આગેવાનો બંન્નેપકડી લાવ્યા હતા અને બન્ને સમાજ ના આગેવાનો એ ભેગા થઈ યુવક યુવતીના છુટાં છેડા કરાવ્યા હતા અને યુવતીને તેના પરીવારને સોંપી હતી.

જોકે આ બાબતની અદાવતમાં રાખી ઠાકોર સમાજના વદનજી ઠાકોર, દશરથજી ઠાકોર તથા મથુરજી ઠાકોરે પ્રજાપતિ સમાજ ના વિરચંદભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પ્રજાપતિ, કલ્પેશભાઈ પ્રજાપતિ તથા વિજયભાઈ દવેનુ અપહરણ કર્યુ હતું જેની ફરીયાદ નોંધાવવા છતા પોલીસ દ્વારા કોઈ તપાસ કરવામાં આવી નથી અને સામેવાળાનો પક્ષ લઈ પાલનપુર મહીલા પોલીસ મથક મા યુવક વિરુદ્ધ પોસ્કો ની ફરીયાદ દાખલ કરવામાં આવતા આજે પ્રજાપતિ સમાજ ના આગેવાનો દ્વારા જીલ્લા પોલીસ વડા નીરજ બડગુજ્જર ને તથા જીલ્લા કલેક્ટર ને આવેદનપત્ર આપી તાત્કાલિક યોગ્ય પગલાની માગણી કરી હતી. જીલ્લા પોલીસ વડા નીરજ બડગુજ્જરે આ બાબતને ગંભીરતા થી લઈ યોગ્ય કાર્યવાહી કરવાની સાંત્વના આપી હતી.



મોડાસા નગર પાલિકા પ્રમુખ વનિતા બેન પટેલ દ્વારા ગુજરાત રાજ્યના મંત્રી મંડળમાં સ્થાન મેળવનાર કચ્છ અંજારના ધારાસભ્ય વાસણભાઈ આહીરની શુભેચ્છા મુલાકાત કરી અભિનંદન પાઠવ્યા હતા અને તેમના પરિવારજનો સાથે થોડો સમય પસાર કરી મોડાસા નગરપાલિકાના વિકાસની ચર્ચા કરી હતી.

## પાકિસ્તાનનું વર્તન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાધવની માતા મરાઠી ભાષામાં વાત કરવા ઈચ્છુક હતી પરંતુ આની મંજુરી આપવામાં આવી ન હતી. ભારતના ડેપ્યુટી હાઈકમિશનરને બતાવ્યા વગર પરિવારના સભ્યોને પાછલા દરવાજાથી મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જાધવની માતા અને પત્નિના બિંદી, મંગળસુત્ર ઉતરાવી દેવામાં આવ્યા છે તેની જાણ ન થાય તે માટે તેમને પાછળા બારણેથી લઈ જવામાં આવ્યા હતા. સુષ્માએ કહ્યું હતું કે, જો ભારતના ડેપ્યુટી હાઈકમિશનરને આ અંગેની જાણ થઈ હોત તો વાંધો ઉઠાવ્યો હોત. બીજી બાજુ પાકિસ્તાને ભારતની આવી દલીલને ફગાવી દીધી છે અને કહ્યું છે કે, ભારતની રજૂઆત યોગ્ય ન હતી. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, જાધવની પત્નિના શુઝ ઉતારી લેવમાં આવ્યા હતા અને પરત પણ આપવામાં આવ્યા નથી. પાકિસ્તાની અધિકારી અયોગ્ય વર્તન કરી રહ્યા છે. અમારી શંકા યોગ્ય સાબિત થઈ છે. પાકિસ્તાન તરફથી શૂઝમાં કેમેરા, ચીપ અને રેકોર્ડર હોવાની વાત કરવામાં આવી રહી છે. સુષ્માએ દાવા સાથે કહ્યું હતું કે, જાધવના માતા અને પત્નિ એજ શૂઝમાં દુબઈ અને ઈસ્લામાબાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા પરંતુ તે વખતે કોઈ ચીજ દેખાઈ ન હતી. આખરે શૂઝ પહેરીને એરપોર્ટ પર સિક્યુરિટી ચેકમાંથી પસાર થયા હોત તો તેમાં પકડાઈ ગયા હોત પરંતુ પાકિસ્તાને અયોગ્ય વર્તન કર્યું છે.

## બિલ પસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દળ અને અન્ય કેટલાક વિરોધ પક્ષોના સભ્યોએ આ બિલ સામે વાંધો ઉઠાવ્યો હતો. મુસ્લિમ વુમન (પ્રોટેક્શન ઓફ રાઈટ ઓન મેરેજ) બિલ ૨૦૧૭ની રજૂઆતનો વિરોધ કર્યો હતો. જો કે, કોંગ્રેસ તરફથી કોઈપણ સભ્યોને બોલાવાની મંજુરી આપવામાં આવી ન હતી. કારણ કે, અધ્યક્ષ સુમિત્રા મહાજને કહ્યું હતું કે, તેઓએ આ મુદ્દા પર બોલવા માટે એડવાન્સમાં કોઈ નોટિસ આપી ન હતી. કાયદામંત્રી રવિશંકર પ્રસાદે આને ઐતિહાસિક દિવસ તરીકે ગણાવીને કહ્યું હતું કે, મુસ્લિમ મહિલાઓને ન્યાય મળે તેની ખાતરી કરવાનો આની પાછળ હેતુ રહેલો છે. સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે કહ્યુંહતુંકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બિલને પસાર કરવા સર્વસંમતિ સાધવાની વાત કરી ચુક્યા છે. ત્રિપલ તલાકને સજાપાત્ર ગુના તરીકે બનાવવાની વાત થઈ રહી છે. રવિશંકર પ્રસાદે આ બિલ રજૂ કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ત્રિપલ તલાક પર કાયદો મહિલાઓના વ્યાપક હિતમાં છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ બિલ વહેલીતકે પસાર થઈ જાય તે જરૂરી છે. એઆઈએમઆઈએમના નેતા અસાસુદીન ઓવૈસીએ બિલનો વિરોધ કરીને કહ્યું હતું કે, બિલ પાસ થશે તો મુસ્લિમ મહિલાઓના અધિકારો સાથે ચેડા થશે. તેમણે ઉમેર્યું હતું કે, સૂચિત કાયદાને લઈને મુસ્લિમ સંગઠનો સાથે કોઈ વાત કરવામાં આવી નથી.

આરજેડીએ પણ બિલ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. મુસ્લિમ સંગઠન આ બિલને મહિલા વિરોધી ગણાવી રહ્યા છે. કોંગ્રેસ, ડાબેરીઓ, બીજુ જનતા દળ સહિત વિરોધ પક્ષો સજાની જોગવાઈનો વિરોધ કરી રહ્યા છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં આંતરપ્રધાન ગ્રુપ દ્વારા આ બિલ તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં કોઈ પણ સ્વરૂપમાં ત્રિપલ તલાકને ગેરકાયદે બનાવી દેવામાં આવ્યુ છે. લેખિતમાં, મૌખિકરીતે અથવા તો ઈલેક્ટ્રોનિકલીરીતે તલાક આપવાની પ્રથા પર બ્રેક મુકવામાં આવી છે. આમા પતિ માટે ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં આ બિલ રજૂ કરનાર હતું પરંતુ સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે કહ્યું હતું કે, મોડેથી આ બિલ રજૂ કરવામાં આવશે. બિલની જોગવાઈ મુજબ પતિને જંગી દંડની જોગવાઈ પણ છે. કેસમાં સુનાવણી દરમિયાન મેજિસ્ટ્રેટ દ્વારા દંડ કરવામાં આવશે.

## ખાતાની ફાળવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાયો હતો. જોકે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને પણ આ ચર્ચામાં સામેલ થવું પડ્યું હતું. શપથવિધિના ૬૦ કલાક બાદ થયેલી ખાતાની ફાળવણી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. મોડી રાત્રે થયેલ ખાતાની ફાળવણીમાં મુખ્યમંત્રી પાસે સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ અને બંદરો ઉપરાંત ૧૩ નાના-મોટા ખાતાઓનો સમાવેશ થાય છે. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની પાસે માત્ર માર્ગ - મકાન અને આરોગ્ય વિભાગ રહેતા નારાજગી દેખાઈ આવે છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુને કૃષિ અને ગ્રામવિકાસ તથા વાહન વ્યવહાર વિભાગ જ્યારે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને શિક્ષણ અને કાયદો અને ન્યાયતંત્ર વિભાગ ફાળવાયો છે.

પાંચ કલાક સુધી મેરેથોન બેઠકના અંતે થયેલ ફાળવણીની ભારે ચર્ચા જાગી હતી. ખાસ કરીને નિતીનભાઈના વિભાગમાં કાપ તથા શહેરી વિકાસ વિભાગ મુખ્યમંત્રી પોતાની પાસે રાખવાનો નિર્ણય કંઈક મતભેદનો ઈશારો કરે છે. કેબિનેટની પ્રથમ બેઠકમાં જ સત્તાની ખેંચતાણ ભાજપની ભાંજગડ સપાટી પર આવી ગઈ છે. પ્રથમ ગ્રાસે મક્ષિકાની જેમ કેબિનેટ બેઠક પૂર્વે થયેલી ચર્ચાની અસર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના ચહેરા પર સ્પષ્ટ રીતે દેખાઈ આવતી હતી. ભાજપમાં અમિત શાહ અને આનંદીબેન પટેલના જૂથો વચ્ચે ચાલતા ઠંડા યુદ્ધનું યાદગાર દૃશ્ય ગુરૂવારે ગાંધીનગરમાં ભજવાયું હતું. જોકે હાઈકમાન્ડની મધ્યસ્થીથી નિતીનભાઈને નમતુ જોખવું પડ્યું હોય એવું લાગે છે અને એટલે જ મુખ્યમંત્રીએ પત્રકાર પરિષદમાં નિતીનભાઈ પટેલની શક્તિઓનો ગુજરાતના વિકાસમાં ખૂબ જ ઉપયોગ કરાશે એમ કહેવું પડ્યું હતું. સામાન્યતઃ મિડિયાને નિતીનભાઈ પટેલ જ સંબોધતા હોય છે ત્યારે આજે મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખે સંબોધન કરવું પડ્યું હતું. નિતીનભાઈએ સંબોધવાની પણ ના પાડી હોય એમ માહિતી ઉપલબ્ધ થાય છે અને દેખાઈ પણ આવતું હતું.

પ્રદેશના વરિષ્ઠ આગેવાન કૌશિકભાઈ પટેલને પુનઃ મહેસુલ અને સૌરભ પટેલને પુનઃ નાણા અને રોજગાર વિભાગ ફાળવાયો છે. જ્યારે ગણપતસિંહ વસાવા, જયેશ રાદડીયા અને દિલીપકુમાર ઠાકોરના ખાતાઓ યથાવત રખાયા છે. ઈશ્વરભાઈ પરમારને સામાજીક ન્યાય અને અધિકારીતા ફાળવાયું છે. પ્રદિપસિંહ જાડેજાના વિભાગો અગાઉની સરકારના યથાવત રખાયા છે. જ્યારે રાજ્યકક્ષાના પરબતભાઈ પટેલને સિંચાઈ, પુરુષોત્તમભાઈ સોલંકીને મત્સ્ય ઉદ્યોગ, બચુભાઈ ખાબડને ગ્રામ - ગૃહ નિર્માણ અને જયદ્રતસિંહને કૃષિ અને પંચાયત વિભાગો ફાળવાયા છે. ઈશ્વરસિંહ પટેલને સાંસ્કૃતિક વિભાગનો સ્વતંત્ર હવાલો અને સહકાર વિભાગ વાસણભાઈ આહિરને સામાજીક - શૈક્ષણિક પછાત, વિભાવરીબેન દવેને મહિલા બાળ કલ્યાણ અને પવિત્ર યાત્રાધામ વિભાગ, રમણલાલ પાટકરને વનવિભાગ તથા કિશોર કાનાણીને આરોગ્ય પરિવાર વિભાગની ફાળવણી કરવામાં આવી છે.